અપીલ અરજી નં.૪૧૮ તા.૨૮–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ઘાંચી અનવર એ.
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઘાંચી અનવર એ. ની તા.૫–૨–૧૧ની અરજીથી મુદ્દા નં. ૧ જી.આઈ.ડી.સી. પાંડેસરામાં આશરે (પચ્ચીસ) જેટલી ડાઈંગ મીલમાં અન્ડરગ્રાઉન્ડ પાઈપ લાઈન ધ્વારા પાણી વેચાણ કરી આપવામાં આવે છે. જેની સંપુર્ણ કાયદેસરતા તથા ભુતકાળમાં તંત્ર તરફથી કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સહીતની તમામ માહિતી વિ. મુદ્દા નં.૧ થી ૫ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૮–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૮/૨૦૧૦–૧૧

શ્રી ઘાંચી અનવર એ. ની તા.૫–૨–૧૧ની અરજીથી મુદ્દા નં. ૧ જી.આઈ.ડી.સી. પાંડેસરામાં આશરે (પચ્ચીસ) જેટલી ડાઈંગ મીલમાં અન્ડરગ્રાઉન્ડ પાઈપ લાઈન ધ્વારા પાણી વેચાણ કરી આપવામાં આવે છે. જેની સંપુર્ણ કાયદેસરતા તથા ભુતકાળમાં તંત્ર તરફથી કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સહીતની તમામ માહિતી વિ. મુદ્દા નં.૧ થી ૫ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩ તા.૨–૪–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૫–૨–૧૧ ની અરજીથી જીઆઈડીસી પાંડેસરાની પાઈપલાઈન ધ્વારા અપાતા પાણીની કાયદેસરતા બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જે ઉધનાઝોન તરફથી તા.૫–૨–૧૧થી ઈ.ચા. સીટી ઈજનેર હાઈડ્રોલીકને તબદીલ કરવામાં આવેલ. જે તેમના તરફથી પત્ર નં.એચઈડી/આ.નં.૩૮૨ તા.૨૨–૩–૧૧ થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. ૧ જી.આઈ.ડી.સી. પાંડેસરામાં આશરે (પચ્ચીસ) જેટલી ડાઈંગ મીલમાં અન્ડરગ્રાઉન્ડ પાઈપ લાઈન ધ્વારા પાણી વેચાણ કરી આપવામાં આવે છે. જેની સંપુર્ણ કાયદેસરતા તથા ભુતકાળમાં તંત્ર તરફથી કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સહીતની તમામ માહિતી . (૨) જે મીલોમાં પાણી આપવામાં આવી રહયું છે તેમાં ભગવતી ડાઈંગ રાધીકા પ્રીન્ટરર્સ, પ્રતિભા પ્રોસેસર્સ આરમો ડાઈંગ, મુરલીધર ડાઈંગ જે.આર. ડાઈંગ સિધ્ધિ વિનાયક ડાઈંગ (લક્ષમીપતિ ડાઈંગ) આકાશ ગંગા, ગુલશન તથા એકતા પ્રિન્ટર્સ તથા અન્ય કેટલી કંપનીઓના સમાવેશ થાય છે તેની સંપૂર્ણ કાયદેસરતા તથા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સહિતની માહિતી આપવી. (૩) પાંડેસરા જીઆઈડીસીમાં ઠેર ઠેર જોવા મળી રહેલા બોરીગ(ટયુબવેલ) ની તમામ કાયદેસરતાઓની માહિતી આપવી. (૪) તાજેતરમાં એક અગ્રણી અખબાર (ડીબીગોલ્ડ) માં પ્રસિધ્ધ થયેલ ઉપરોકત કૌંભાડ બાબતના અહેવાલ બાદ તેમજ ત્યાર બાદ સ્થાયી સ. ના સભ્ય ભૂપેન્દ્ર સોલંકીએ આવેદન પત્ર/અરજી આપેલ હતી જે સંદર્ભે થયેલ કાર્યવાહીની વિગતો આપવી. (૫) ઉપરોકત પ્રકરણ બાબતે આ અગાઉ અન્ય કેટલા અરજદારો ધ્વારા અરજી /માહિતી આપેલ છે જેની સંપૂર્ણ નકલો સહિતની વિગતો આપવી. જે બાબતે નિર્ણય મળ્યો નથી તેવું જણાવી અરજદારે તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. ઉધનાઝોન તરફથી હાઈડ્રોલીક વિભાગને અને હાઈડ્રોલીક વિભાગ તરફથી ઉધનાઝોનને અરજી પુનઃ તબદીલ થયેલ છે . ઉધનાઝોન તરફથી અરજદારને કોઈ પણ પ્રકારની માહિતી પૂરી પાડેલ જણાતી નથી. તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ઘાંચી અનવર એ.